ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧
Email:- info@kskvkachchhuniversity.org

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૬
ફેકસ (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web : kskvkachchhuniversity.org

રેફ:નં.:ક.યુ./BUTR/૨૦૧૦/ 795 – 27.

તા.૦૩/૦૫/૧૦

પ્રતિ,

......................

..............................

સભ્યશ્રી, BUTR,
કચ્છ યુનિવર્સિટી,
ભૂજ – કચ્છ

**વિષય:– તા. ૧૫/૪/૨૦૧૦ ના રોજ મળેલ BUTRની મિટીગની મિનીટસ નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૧૫/૪/૨૦૧૦ ના રોજ મળેલ Board of University Teaching & Research ની મિટીગ ની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલાવી રહયા છીએ, જે વિદીત થવા વિનંતી.

**આભાર સહ,**

આપનો વિશ્વાસુ
B. S. Patel
ઈ/ચા કુલસચિવ

બિડાણ: ઉપર મુજબ

**તારીખ ૧૫'મી એપ્રિલ ૨૦૧૦ નાં રોજ માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને મળેલ Board of University Teaching and Research ની મિટિંગની મિનિટ્સ નોંધઃ–**

તા.૧૫/૪/'૧૦નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે સમય ૩:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને બોર્ડ ઓફ યુનિવર્સિટી ટિચિંગ એન્ડ રીર્સચની બેઠક મળેલ હતી. જેમાં નીચે મુજબ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| ક્રમ | સભ્યશ્રીઓનું નામ | હાજર / ગેર હાજર |
|---|---|---|
| ૧ | ડૉ. શશીરંજન યાદવ– માન. કુલપતિશ્રી | હાજર |
| ૨ | ડૉ. દર્શના બેન ધોળકીયા | હાજર |
| ૩ | ડૉ. બી.એસ. પટેલ | હાજર |
| ૪ | ડૉ. શ્રીધર રાજેશ્વરન | હાજર |
| ૫ | ડૉ. તુષાર આર. હાથી | હાજર |
| ૬ | ડૉ. પ્રજ્ઞેશ દવે | હાજર |
| ૭ | ડૉ. કે.એમ. ત્રિવેદી | હાજર |
| ૮ | ડૉ. એમ.જી. ઠક્કર | હાજર |
| ૯ | ડૉ. પી.એસ. હિરાણી | હાજર |
| ૧૦ | ડૉ. સુભાષ ભંડારી | હાજર |
| ૧૧ | ડૉ. બાલાજી રંગનાથન | હાજર |
| ૧૨ | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની | ગેરહાજર |
| ૧૩ | ડૉ. એલ. ચમયાલ | ગેરહાજર |

માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા હતા ત્યારબાદ મિટીગને આગળ ધપાવવા કુલસચિવને આદેશ આપેલ.

Kachchh University Bhuj - Kachchh 370001

એજન્ડા અનુસાર નીચે મુજબ ચર્ચા વિચારણા બાદ નિર્ણયો લેવામાં આવ્યા. 

**૧) ગત મિટિંગની મિનિટ્સ નું વાંચન અને બહાલી :**

ગત મિટિંગની મિનિટ્સ પર ચર્ચા–વિચારણા ના અંતે ગત મિટિંગના ઠરાવ ક્રમાંક:૫ ને રદ્દ કરવા અને અન્ય મુદ્દાઓને યોગ્ય ઠેરવી નીચે મૂજબ ઠરાવ કરી ગત મિટિંગની મિનિટ્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

**ઠરાવ: ૧** **ગત મિટિંગની મિનિટ્સના ઠરાવ ક્રમાંક:૫** "યુનિવર્સિટીના તત્કાલીન નિયમો અનુસાર તા. ૧૧ જુલાઈ ૨૦૦૯ બાદ જેઓનું રજીસ્ટ્રેશન થયેલ હોય તેઓએ એક સત્રનુ કોર્ષ વર્ક કરવાનુ રહેશે તથા કોર્ષ વર્ક પૂર્ણ કર્યા અંગેનું સંબંધિત માર્ગદર્શકશ્રીનું પ્રમાણપત્ર દ્વિતિય સત્રની ફી જમાં કરાવતાં પહેલા યુનિવર્સિટીમા અચૂક જમા કરાવવાનુ રહેશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે." **આ ઠરાવને રદ્દ કરવામાં આવે છે. અને ૩૧,જુલાઈ ૨૦૦૯ સુધીમાં આવેલ દરખાસ્તના આધારે જેઓનું રજીસ્ટ્રેશન થયેલ હોય તેઓને નવા નિયમો લાગૂ પડશે નહિ તેમ સર્વાનૂમતે ઠરાવવામાં આવે છે.**

**૨) પીએચ.ડી. ના પ્રવેશ અને ગાઈડ તરીકે માન્યતા અંગેના નિયમો બહાલ કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય**

એજન્ડા સાથે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ પીએચ.ડી. ના નિયમો સર્વે સભ્યશ્રીઓને મોકલી અપાયેલ, જેના પર ચર્ચા–વિચારણા માટે આજની મિટીગમાં બે કો–ઓપ્ટ સભ્યશ્રીઓ ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની અને ડૉ. એલ. ચમયાલ ઉપસ્થિત ન રહી શકતા તેઓશ્રીઓએ પત્ર મારફત કેટલાક સુધારાઓ સૂચવેલ જેના પર ચર્ચા–વિચારણા બાદ નીચે મૂજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ:૨ યુ.જી.સી. ના તા. ૧૧ જુલાઇ ૨૦૦૯ થી પ્રસિધ્ધ થયેલ UGC (Minimum Standards and Procedure for award of M.Phil./Ph.D. degree),Regulation 2009 અનુસાર પીએચ.ડી. ના પ્રવેશના અને ગાઈડ તરીકે માન્યતા અંગેના તૈયાર કરાવામાં આવેલ નવા નિયમોને જરૂરી સુધારા સૂચવી સર્વાનૂમતે બહાલી આપવામાં આવે છે અને આ નિયમો તા. ૧૫/૪/૨૦૧૦ થી લાગૂ કરવા ઠરાવ કરવામાં આવે છે.**

**તથા નવા નિયમો અનુસાર પ્રવેશ પરીક્ષાનુ માળખું અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓએ તૈયાર કરવાનુ રહેશે, તેમ પણ ઠરાવવામાં આવે છે.**

Kachchh University Bhuj - Kachchh 370001

**૩) ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ અનુસાર તૈયાર કરવામાં આવેલ અનુસ્નાતક અભ્યાસક્રમો મંજૂર કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય**

**ઠરાવ:૩ યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો અને સંલગ્ન કેન્દ્રોમાં ચાલતાં (M.Sc.(CA&IT) તથા M.B.A. (Integrated) સિવાયના) તમામ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં આગામી શૈક્ષણિક વર્ષ–૨૦૧૦–૧૧થી 'ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ' લાગૂ કરવા સર્વાનૂમતે ઠરાવવામાં આવે છે અને આ માટે અનુસ્નાતક ભવનો દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમો મંજૂર કરવામાં આવે છે, તથા અંગ્રેજી ભવન દ્વારા રજૂ થયેલ 'અંગ્રેજી ઓનર્સ' ના અભ્યાસક્રમ ને 'યુનિવર્સિટી એકિઝકયુટીવ કાઉન્સિલ' ની મંજૂરીને અપેક્ષાએ મંજૂર કરવામાં આવે છે, તેમ સર્વાનૂમતે ઠરાવવામાં આવે છે.**

**૪) અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મૂદ્દાઓ.**

**અ)** એમ.ફીલ. ના પ્રવેશ અને ગાઈડ તરીકે માન્યતા અંગેના નિયમો બહાલ કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય

યુ.જી.સી. ના તા. ૧૧ જુલાઇ ૨૦૦૯ થી પ્રસિધ્ધ થયેલ UGC (Minimum Standards and Procedure for award of M.Phil./Ph.D. degree),Regulation 2009 અનુસાર એમ.ફીલ. ના પ્રવેશ અને ગાઈડ તરીકે માન્યતા અંગેના નવા તૈયાર કરવામાં આવેલ નિયમો બહાલ કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય કરવા અધ્યક્ષ સ્થાનેથી આદેશ કરવામાં આવેલ જેના પર ચર્ચા–વિચારણા બાદ નીચે મૂજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ: ૪ યુ.જી.સી. ના તા. ૧૧ જુલાઇ ૨૦૦૯ થી પ્રસિધ્ધ થયેલ UGC (Minimum Standards and Procedure for award of M.Phil./Ph.D. degree),Regulation 2009 અનુસાર એમ.ફીલ. ના પ્રવેશના અને ગાઈડ તરીકે માન્યતા અંગેના તૈયાર કરાવામાં આવેલ નવા નિયમોને સર્વાનૂમતે બહાલી આપવામાં આવે છે અને આ નિયમો આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી લાગૂ કરવા ઠરાવ કરવામાં આવે છે. તથા નવા નિયમો અનુસાર પ્રવેશ પરીક્ષાનુ માળખું અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓએ તૈયાર કરવાનુ રહેશે, તેમ પણ સર્વાનૂમતે ઠરાવવામાં આવે છે.**

Kachchh University
Bhuj - Kachchh 370001

**બ)** યુનિવર્સિટીમાં ચાલતાં **M.Sc.(CA&IT)** ના સૂધારેલ અભ્યાસક્રમ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ જે અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય બાબત

**ઠરાવ: ૫** **યુનિવર્સિટીમાં ચાલતાં પાંચ વર્ષિય M.Sc.(CA&IT) ના સૂધારેલ અભ્યાસક્રમને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

**ક)** અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. ના સ્કોલર કાશ્મીરાબેન મહેતા દ્વારા જમાં થયેલ મહા શોધનિબંધની સિનોપ્સીસ મંજૂર કરવા અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય

**ઠરાવ: ૬** **અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. ના સ્કોલર કાશ્મીરાબેન મહેતા દ્વારા જમાં થયેલ મહાશોધનિબંધની સિનોપ્સીસ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

Kachchh University Bhuj - Kachchh 370001

B. S. Patel

(ડા. બી. એસ. પટેલ)
ઈન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.